**Navgujarat Samay**

L&T, ICICI Bank drag Sensex marginally lower, Nifty below 8700

Edition: Ahmedabad Date: 02/08/2016 Page no: 10 Clip size: H: 13 cm / W: 13 cm

India Media Monitor

## નિફ્ટી 8,700 ઊપરથી પાછી ફરી, સેન્સેક્સ 28,000ની સપાટી ટકાવવામાં સફળ

# કંપની પરિણામોથી મૂડ બગડ્યો

નવગુજરાત સમય > અમદાવાદ

જીએસટીના આશાવાદ પર કંપની પરિણામોએ પાણી ફેરવ્યું હતું. વૈશ્વિક બજારોની પાછળ અને જીએસટી મંગળવારે સંસદના ફ્લોર પર મૂકવામાં આવશે એવી સંભાવનાએ શેરબજાર એક તબક્કે વર્ષની નવી ઊંચાઈએ ખુલ્યું હતું. પરંતુ આઈસીઆઈસીઆઈ અને એલ એન્ડ ટીની આગેવાની હેઠળ તેમજ મધ્ય સત્રમાં ચોક્કસ ફંડનું મોટું પ્રોફિટ બુકિંગ થતાં ઈન્ટ્રા ડેમાં ગણતરીની મીનિટોમાં સેન્સેક્સ વધ્યા મથાળેથી ૪૧૧ પોઈન્ટ ઘટ્યો હતો. નિફ્ટી પણ વધ્યા મથાળેથી ૧૦૦ પોઈન્ટ ઘટી ગઈ હતી. જાણકારોનું કહેવું હતું કે, જીએસટી બિલનું કારણ હવે ડિસ્કાઉન્ટ થઈ ગયું છે અને ચોમાસું પણ મોટા ભાગના ક્ષેત્રોમાં સારું રહેતાં તેની અસર પણ ઘટી રહી છે. આથી આગામી સમયમાં આર્થિક ડેટા ફરી કેન્દ્રમાં આવશે. રિઝર્વ બેન્કની આવતાં સપ્તાહમાં નાણાં નીતિની સમિક્ષા માટે બેઠક મળી રહી હોવાથી એ અગાઉ પણ સાવેચતી વધશે.

સેન્સેક્સ ઈન્ટ્રા ડેમાં ઊંચામાં ૨૮,૨૮૪ થયા બાદ ઘટીને ૨૭,૮૭૩ થઈને બંધ ૨૮,૦૦૩.૧૨ રહેતાં ૪૮.૭૪ પોઈન્ટ ઘટ્યો હતો. નિફ્ટી ૧.૭૫ પોઈન્ટના ઘટાડા સાથે ૮,૬૩૬.૫૫ રહી હતી. જોકે, ઈન્ટ્રા ડેમાં એક તબક્કે ઊંચામાં ૮,૭૧૧ની ૧૫ મહિનાની ઊંચી સપાટીએ જોવાઈ હતી. નિફ્ટી ૮,૭૦૦ ઊપર ટકવામાં નિષ્ફળ રહેતાં ચાર્ટને આધારે કામકાજ કરતાં વર્ગમાં બેચેની જોવાઈ હતી. આગામી દિવસોમાં જો કોઈ સારા કારણ નહીં આવે તો હાલ નિફ્ટી ૮,૫૦૦ અને ૮,૭૦૦ની રેન્જમાં અથડાઈ જવાની સંભાવના વ્યક્ત કરતા હતા. બજાર આગામી તબક્કામાં નો ન્યૂઝ ઝોનમાં પ્રવેશી રહ્યું છે અને તેને કારણે આંતરપ્રવાહ ટૂંકી રેન્જમાં રહે તેવી સંભાવના વધી છે એમ જાણકારોનું કહેવું હતું. હાલ વિદેશી રોકાણ પ્રવાહ સારો રહેતાં નીચા મથાળે માર્કેટને ટેકો મળી રહ્યો છે જે આગામી સમયમાં મર્યાદીત બને તેવી ધારણાં વ્યક્ત કરાતી હતી.

ઓટો કંપનીના જુલાઈના વેચાણ આંકડા સારા રહેવા છતાં તેમજ મેન્યુફેક્ચરિંગ પીએમઆઈ ચાર મહિનાની ઊંચી સપાટી જેવા બે સારા કારણો ડિસ્કાઉન્ટ થઈ ગયા હતા. જે સૂચવે છે કે માર્કેટ હવે હાલના કારણોને પચાવવાના મૂડમાં છે અને હવે પછી નવી ઘટનાઓ પર નજર રાખી રહ્યું છે એમ બીએમ સિક્યોરીટીઝના એમડી ભાવેશ અગ્રવાલનું કહેવું હતું. મિડ અને સ્મોલ કેપ આંક સુધર્યા હોવા છતાં માર્કેટ બ્રેડથ નબળી રહીને વધનાર ૧૧૦૮ શેરો સામે ૧૫૩૯ શેરો ઘટ્યાં હતાં. આ પણ પ્રોફિટ બુકિંગ વધી રહ્યું હોવાના સંકેત આપે છે. સેક્ટોરલ આંકમાં આઈટી ૧.૮ ટકા, ઓટો ૦.૫ ટકા, મેટલ ૧.૩ ટકા વધ્યા હતા તો સામે બેન્કેક્સ ૧.૧ ટકા અને કેપિટલ ગુડ્ઝ ૨.૩ ટકા ઘટ્યા હતા.

### એડવાન્સ એન્ઝીમા 31 ટકા પ્રીમિયમે લિસ્ટેડ



એડવાન્સ એન્ઝીમાનું લિસ્ટિંગ ૩૧.૫ ટકા પ્રીમિયમે થયું હતું. કંપનીએ રૂ. ૮૯૬માં શેરો ઓફર કર્યા હતા. આની સામે એક તબક્કે ભાવ ઊંચામાં રૂ. ૧,૨૪૨.૭૫ થઈને બંધ રૂ. ૧,૧૭૮.૩૦ની સપાટીએ બંધ રહ્યો હતો. કંપનીનું માર્કેટ કેપ રૂ. ૨,૬૩૧ કરોડનું રહ્યું હતું. બીએસઈમાં રૂ. ૧૪૦ કરોડનું કામકાજ નોંધાયું હતું. હાલમાં લિસ્ટેડ થયેલા નવા આઈપીઓમાં રોકાણકારોને મજબૂત વળતર મળ્યું છે.

### આઈસીઆઈસીઆઈ પાંચ ટકા તૂટ્યો



આઈસીઆઈસીઆઈ બેન્કની ગયા શુક્રવારે ધારણાં કરતા નબળી કામગીરી રહેતા બ્રોકરેજ હાઉસોએ રેટિંગ ડાઉનગ્રેડ કરતં તેની અવળી અસર શેરના ભાવ પર જોવાઈ હતી. સેન્સેક્સ શેરોમાં બેન્કનો ભાવ સૌથી વધુ ૫.૨ ટકા ઘટીને ૨૪૯.૨૦ બંધ રહ્યો હતો. જ્યારે એલ એન્ડ ટીનો ભાવ પણ ૪.૧ ટકા ઘટ્યો હતો. કંપનીએ ગયા શુક્રવારે પરિણામ જાહેર કર્યા હતા, જે માર્કેટ પંડિતોના અંદાજ કરતાં નીચા હતા.

### બીએસઈના 4 આંક નવી ટોચે પહોંચ્યા



બીએસઈમાં સેક્ટોરલ આંકમાં ચાર આંક વર્ષની નવી ઊંચી સપાટીએ પહોંચ્યા હતા. આમાં ઓટો ૨૧,૪૧૧, ફાઈનાન્સ ૪,૩૪૧, ઓઈલ એન્ડ ગેસ ૧૦,૭૨૯ અને યુટીલિટી ૧,૭૩૬ની ઊંચી સપાટીએ ઇન્ટ્રા ડેમાં સ્પર્શ્યા હતા. ઓટો વેચાણમાં જુલાઈમાં નોંધાયેલી વૃદ્ધિ અને મારુતિએ કારના ભાવમાં વધારો કરતાં તેની પોઝિટીવ અસર જોવાઈ હતી.



### NBFC શેરો ઊછળ્યા

| કંપની | વધ્યા | બંધ |
|---|---|---|
| બજાજ ફાઇ. | 8.4% | 11226.80 |
| મુથુટ ફાઇ. | 8.0% | 356.20 |
| ચોલામંડલ ફાઇ. | 5.7% | 1154.70 |
| મન્નાપુરમ ફાઇ. | 5.1% | 86.10 |
| એબી નુવો | 4.1% | 1474.10 |